# પ્રકરણ : ૫

## લાભશંકર ઠાકરનાં ચરિત્રલેખનનો અભ્યાસ

# પ્રકરણ : ૫

# લાભશંકર ઠાકરના ચરિત્રલેખનનો અભ્યાસ

## મારી બા

**પ્રસ્તાવના:-**

લાભશંકર ઠાકર ગુજરાતી સાહિત્યના મહત્ત્વના સર્જક છે. કવિતા-નવલકથા-ચરિત્ર-વિવેચન-નાટક આદિ સ્વરૂપો સાથે તેમણે નિસબતથી કામ પાડ્યું છે. ઈયત્તા અને ગુણવત્તા ઉભય રીતે સક્રિય આ સર્જક પાસેથી 'મારી બા' અને 'બાપા વિશે' જેવાં ચરિત્રનાં પુસ્તકો મળે છે. 'મારી બા' લઘુ પુસ્તકમાં લાભશંકર ઠાકરે પોતાનાં બા પ્રભાવતીનું ચરિત્રચિત્રણ કર્યું છે. આપણે એને વિશે વિગતે જોઈએ.

**મારી બા : પ્રભાવતી :-**

'મારી બા' પુસ્તકની પોતાની પ્રસ્તાવનામાં લા.ઠા. લખે છે કે, બીજા બધા વગડાના વા વિષે લખું એનાં કરતાં મા વિશે જ ન લખું ? લા.ઠા. લિખિત આ પુસ્તિકા કવિવર ઉમાશંકર વાંચી ગયેલા. એની પ્રસ્તાવના- આમુખ પણ તેમણે લખી આપી છે જે કવિ ઉમાશંકરના અવસાનને લીધે અધૂરી રહી જવા પામી છે. જો કે, જેટલું પણ લખાયું છે તે રસપ્રદ અને લા.ઠા. ના સંવિત્તને પ્રગટ કરનારું છે.

સ્વાભાવિક રીતે જ સ્વજન વિશે-ખાસ કરીને આપ્તજનો વિશે લખવાનું થાય ત્યારે લેખક સામે એક મોટો પડકાર હોય છે. એક તો એ જો અતિ પ્રશંસા કરે તો ટીકા કરવામાં આવે અને જો ખૂલીને ન લખે તો યોગ્ય રીતે વ્યક્ત ન થયાનો-ચરિત્રને અન્યાય થયાનો આક્ષેપ થાય. લા.ઠા. પોતાની માતા વિશે લખી રહ્યાં હોય ત્યારે એમની સામે પણ આ પડકાર હોય જ. અલબત્ત, લા.ઠા. એ પડકાર ઝીલી લઈને માતાના ચરિત્રની રેખાઓનું સુંદર -લીલયા અંકન કર્યું છે. લા.ઠા.નું લેખન to the point જનારું નથી. તેઓ આડું અવળું અને Spontaneous લખનારા સર્જક છે. તેને લઈને ગદ્યની એક નોખી અનોખી ભાત રચાય છે. તેઓ 'બા' કે 'બાપા વિશે'ની માહિતી ટુકડે ટુકડે આપે છે. બાના વ્યક્તિત્ત્વને ઊપસાવવા

નાના મોટા પ્રસંગોનો આશરો લે છે. ઘણીવાર બા વિશે, બાના સ્વભાવ વિશે આશરે સીધું કથન પણ કરી લે છે. અહીં બાના મુખ્ય ચરિત્રની સાથે સાથે બાપા અને લાભુનાં ગૌણ ચરિત્રો પણ પ્રગટ થયાં છે. પરિણામે આ ચરિત્ર કથા કેવળ બાની નથી રહેતી બલ્કે, લાભશંકર ઠાકરની સ્મૃતિકથા બનીને રહે છે. બાના જીવનની જે નાની મોટી વિગતો મળે છે, એ પ્રમાણે બા પ્રભાવતીના પિતાનું નામ રામચંદ્ર દવે. માતાનું નામ નર્મદા. બાને અન્ય પાંચ ભાઈ-બહેન. બા પોતે એમનાં માતા-પિતાનું મોટું સંતાન (પ્રથમ સંતાન) બ્રાહ્મણ હોવાં છતાં સ્ટેશનથી કેરીઓના ટોપલા માથે ઉપાડી વેપારીની વખાર સુધી પહોંચાડવાનું, દાડીનું કામ પણ બાએ કરેલું. પગમાં પગરખાં પણ ન હોય એવી સ્થિતિ. માંડ બે ચોપડી ભણેલાં બા રામાયણ વાંચી શકતાં. બાનો અવાજ મીઠો-હલકવાળો-રણકવાળો હતો. બા ગાતાં ત્યારે કર્ણ ચેતનાનો, નર્યા અમૃતનો અનુભવ થતો. તેમને ઘણાં બધાં ગીતો કંઠસ્થ હતાં. ‘બા વિશે’ લખતી વેળાએ અગાઉ નોંધ્યું તેમ લેખકનો હું સતત હાજર રહેતો અનુભવાય છે. બાના ચરિત્રનું આ પુસ્તક સાચા અર્થમાં ચરિત્ર - નિબંધની કક્ષાએ વિસ્તરે-વિકસે છે. કદાચ એટલે જ લેખકનો હું અહીં અવરોધરૂપ નથી. બનતો. બલકે, કળાત્મક અભિવ્યક્તિને પામે છે. લેખક નોંધે છે તેમ પોતે લેખક બન્યાં તેમાં પરોક્ષ રીતે બાના સંસ્કારોની પણ છાપ પડી છે :-

“મારા મનની મંજૂષામાં એ માળાઓ સચવાઈને પડેલી છે. મારા અણુએ અણુ, કોષે કોષ મારો પ્રાણ એ માની દેણગી છે. મારી શબ્દચેતના, લય ચેતના, કાવ્યચેતના પણ માની દેણગી છે.”[૧]

સ્વાભાવિક રીતે જ લાભશંકર ઠાકર જેવા સ્પષ્ટવક્તા, નિખાલસ અને અરૂઢ સર્જક કશું પણ લખવા ખાતર ન જ લખે.

લેખક નાના હતા ત્યારે તેમને ફરસાણ ખાવાનો બહુ શોખ. ગામની એક ફરસાણની દુકાનનું ફરસાણ પ્રખ્યાત. જે દિવસે કિશોર લા.ઠા. પેટ ભરીને ફરસાણ ઝાપટે એ રાતે તેમનું પેટ બગડે. પેટમાં ગડબડાટ શરૂ થઈ જાય. પછી ઉત્સર્ગ માટે જવાનો ભાવ જાગે ત્યારે એ બાને જગાડે. બા અકળાયા વિના બેસી રહે. આ નાનાશા પ્રસંગમાંથી બાના સ્વભાવની સાલસતા અને સહજતા સાથેનું વાત્સલ્ય સુપેરે પ્રગટ થાય છે.

કોઇ પણ લેખક જ્યારે પોતાની 'બા વિશે' લખે ત્યારે તેના બાળપણના બા સાથેના પ્રસંગોનું કથન વર્ણન આવે જ. અહીં પણ કેટલાક પ્રસંગો લેખકે નોંધ્યા છે જે પૈકીનો એક અન્ય પ્રસંગ પણ ધ્યાનપાત્ર છે. લેખક નાના હતા ત્યારે તેમને વારંવાર આંખો આવતી. તેમનાં બા આંખોના વિવિધ ઉપચાર બાળ લા.ઠા.ને ફોસલાવી પ્રગાટવીને કરતી. પૂરીમા નામનાં એક વૃદ્ધા આંખોમાં ભણ ભરવાનું કામ કરતાં. બાળ લા.ઠા.ને બે-ત્રણ જણ પકડી રાખે. એ ધમપછાડા કરે. ભણ ભરાઇ જાય પછી બા તેમના માથે હાથ ફેરવે, આશ્વાસન આપે , પટાવે, ફોસલાવે અને છેવટે બોલે :- "મટી જશે, બેટા, છાનો રે. જાવ પુરીમા, તમારે ઘેર જતાં રો. ખબરદાર જો આયાં છો તો. મારા લાભને આવું આકરું ભણ ભરવાનું હોય ? છાનો રે બટા. લે તને પંખો નાખું."[૨]

બાના વ્યક્તિત્ત્વને માનવીય રીતે વિરૂપવામાં લાભશંકર ઠાકર સફળ થયા છે. પ્રાયઃ માતા વિષયક લખાણોમાં નરી ભાવુકતા અને આદર્શોના ખડકલાને કારણે ચરિત્રો બીબાંઢાળ ઉપરછલ્લાં અને ફલેટ થઇ જતાં હોય છે.અહીં એવું થયું નથી તે ચરિત્રકારની સફળતા છે. લાભશંકર ઠાકરે એક અન્ય પ્રસંગ અહીં નોંધ્યો છે. જેમાંથી માતૃત્વ શી ચીજ છે એનો ખ્યાલ સહજ રીતે મળે છે. લાભશંકર ઠાકરના મોટાભાઇ રસિકભાઇ નાનપણથી આંચકી રોગના શિકાર પરિણામે તેમનું મગજ માઠી અસર પામેલું. સ્વાભાવિક રીતે જ બાને રસિકભાઇની ચિંતા વધારે રહેતી. બા રોજ એને નવડાવે, ધોવડાવે ને ચોખ્ખા રાખે. તેમને આખો દિવસ કેડમાં ઘાલીને ફરે. રસિકભાઇને એકલા મૂકીને બા મંદિરે પણ ન જાય. જાણે પુત્ર જ એમનો દેવ ન હોય. આમ, બા સતત રસિકભાઇની ચાકરી કરતાં રસિકભાઇ અલ્પાયું રહ્યા. તેમના મૃત્યુ વખતે બા ખૂબ જ ઉદાસ થઇ ગયાં હતાં. અહીં, જે પ્રસંગ છે તે રેર તો ન જ કહેવાય આમ છતાં બાના ચરિત્રની વિશિષ્ટ રેખાઓ ઉપસાવવામાં આ પ્રસંગ ખપ લાગ્યા વિના રહેતો નથી.

ઉપર્યુક્ત પ્રસંગો તો અલબત્ત પ્રભાવતીજીની પરિવાર માટેની ભાવનાને પ્રગટ કરી આપે છે. પરંતુ લેખકે અહીં બાના ઔદાર્યને ખાસ કરીને ત્રાહિત જન માટેની કરુણાને પણ પ્રગટ કરી આપ્યું છે. તેમના ઔદાર્યના એકાધિક પ્રસંગો અહીં નોંધાયા છે. બા ઉનાળામાં પાણીની પરબ બંધાવતા. દર શુક્રવારે ગરીબોને વાટકો ભરીને શેકેલા ચણા આપતાં. પડોશની તેમજ ગામની આધાર વિનાની

સ્ત્રીઓને વિષમ પરિસ્થિતિમાં ભેંસો અપાવતાં, જેની મૂડી સ્ત્રીઓ દૂધમાં વળાવતી. ગામમાં ટહેલતો બિહારી ફોટોગ્રાફર પણ બાની પાસેથી ખાવાનું કે લૂગડું-લત્તું પામતો. બા એને ધોતી અને ઝભ્ભો આપતાં. આ પ્રકારની સેવાભાવના પ્રભાવતી બામાં હતી. એનું વર્ણન પુસ્તકમાં લેખક દ્વારા અત્ર-તત્ર સર્વત્ર થયું છે.

ચરિત્ર લેખનમાં ગુણોની સાથે બાહ્ય દેખાવનું વર્ણન પણ જરૂરી હોય છે. બાના બાહ્ય દેખાવનું નિરૂપણ લેખકે સુરેખ રીતે કર્યું છે. તેઓ ઊંચા હતા. મતલબ કે તેમના પતિ જાદવજી કરતાં પણ બાની ઊંચાઇ વધારે હતી. બાના વાળ વાંકડિયા હતા. રંગ ઘઉંવર્ણો હતો. તેમજ હોઠથી નીચે દાઢીની જગાએ બરાબર વચ્ચે નાનું ગોળ છૂંદણું પણ હતું. બાના દાંત મજીઠિયા રંગના હતા. આજીવન તેમના દાંતની બત્રીસી અકબંધ રહી હતી. લેખકના માનવા મુજબ બા આદર્શ માતાની સાથે સાથે આદર્શ પત્ની પણ હતાં. એ જમાનાની રીતરસમો મુજબ બા માત્ર ૧૪ વર્ષની ઉંમરે પરણીને સાસરે આવેલાં. સાસરે આવ્યા સાથે ઘરનું બધું જ કામ એમના માથે આવી પડેલું. કૂવે પાણી ભરવા જવાથી લઇને તળાવે કપડાં ધોવાં જવું, ગાયની ચાકરી તથા છાણ વાસીદું જેવાં કામો બા કરતાં સાથે સાથે પતિને દવાઓ બનાવવામાં પણ તેઓ મદદ કરતાં. બાનાં આ પ્રકારનાં કામોમાંથી બાની જવાબદાર ગૃહિણી ઉપરાંત આર્થિક વ્યવસ્થામાં મદદરૂપ થતી સક્ષમ નારીની છબી ઉપસી આવે છે.

બા શરીરથી પણ મજબૂત હતાં. લેખકે એ વિષયક વર્ણન પણ સરસ રીતે કર્યું છે. કન્યાઓના વ્રત પ્રસંગે સમવયસ્ક યુવતીઓ સાથે બા હોડમાં ઊતરતાં, દલ્લાં દલ્લીની રમત રમતાં કોઇને જાનમાં જવાનું હોય તો આખી રાત જાગતાં અને ગીતો પણ ગાતાં. લેખકના મતે તેમના બા હરતાં-ફરતાં શિક્ષક જેવાં હતાં. તેઓ બાળકોને અવનવાં જોડકણાં પણ પૂછતાં લેખકે અહીં પોતાની સ્મૃતિમાં ટકી ગયેલ એક જોડકણું ઊતારી આપ્યું છે :

"એક જનાવર ઇતુ,

ઇ પૂછડે પાણી પીતું."[૩]

લેખકે નોંધ્યું છે એ પ્રમાણે બા એમને માટે કથા સરિત્સાગર સમાન હતા. બાને બાળગીતો-ઉખાણાં જોડકણાં અને વાર્તાઓ આદિ ઘણું ઘણું મોઢે હતું. બાળપણમાં લેખક જ્યારે શાળાએથી કે પછી રમીને ઘરે આવતા ત્યારે તેઓ

આવીને પહેલો શબ્દ બા જ બોલતા. બાપા પ્રત્યે તેમને અભાવ તો મુદ્દલ નહોતો પણ બા એટલે બા બાની પતિ માટેની ભાવનાનાં દર્શન પણ લેખકે અહીં એક પ્રસંગ દ્વારા કરાવ્યાં છે. બન્યું એવું કે, એકવાર બાપા બીમાર પડ્યા. તેમને ઉબકા આવતા હતા. એકાએક ઊલટી થઈ તો બા એ પોતાના ખોળામાં ઊલટી ઝીલી લીધેલી. લેખકે બા વિષયક વર્ણનમાં સુંદર કળાત્મકતા સાધી છે. કેટલાંક ગદ્યખંડો તો ખૂબ જ મજાના થયા છે. "બા ન હોય તો બધા તળે-ઉપર થઈ જાય. બા એટલે સલામતી. બા એટલે બધું વ્યવસ્થિત. બધું હાથવગું. બા એટલે બધું સુગ્રંથિત."[૪]

બા અને બાપાના ગૃહસ્થજીવનની સુંદર ક્ષણોને લેખકે સરસ રીતે શબ્દાંતિક કરી છે. ઉત્તરકાળમાં બાપાને એટેક આવેલો. પોતાના મૃત્યુંને બાપાએ જાણી લીધેલું. લા.ઠા. દત્તચિત્તે બાપાની સેવા કરતા. એક દિવસ બાપાએ પુત્ર લાભુનો હાથ પકડીને બેસાડીને કહેલું તારી બાની સંભાળ રાખજે. આખી જિંદગી તારી બાએ સહુની ચાકરી કરી છે. સહુના પડ્યા બોલ ઝીલી લીધા છે.

અન્ય એક પ્રસંગમાં પણ બાનો વાત્સલ્યભાવ અદ્‌ભુત રીતે રજૂ થઈ શક્યો છે. લેખક ત્યારે અમદાવાદ ખાતે ગુજરાત કોલેજમાં ભણતા. એવામાં અમદાવાદમાં એકાએક આંદોલનો શરૂ થઈ ગયા. લેખક પોતાના મિત્રની હોસ્ટેલમાં ગયેલા ઘરે જવા માટે તેઓ રેલ્વેસ્ટેશન ગયા અને પોતાના ગામની ટિકિટ લીધી. પોતાના ગામના રેલ્વેસ્ટેશન ઉતર્યા ત્યારે ક્રોસિંગ આગળ ડબડબતી આંખે બા ઊભાં હતાં. કારણ કે, બાને તોફાનોના સમાચાર મળી ચૂક્યા હતા. પછીનાં વર્ષમાં લેખક અમદાવાદમાં સ્થિર થયા. બા વતનમાં રહેતાં હતા. પરંતુ લાભશંકર ઠાકર તેમને જ્યારે પણ મળવા જતાં ત્યારે ઢીંચણના વા ની તકલીફ છતાં બા ઊઠીને મોં પર આનંદ અને આંખોમાં ઢળઢળયાં સાથે પાસે આવતાં સાથે સાથે બોલી ઉઠતાં ભૈ આવ્યા. બા ના મૃત્યુનું વર્ણન પણ લેખકે ભાવમય રીતે કર્યું છે. એકાએક લેખક પર ફોન આવ્યો બા ને ઉંચકીને ઘરમાં લાવવામાં આવ્યા. ડૉકટરે તપાસ કરી વી. એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. પગનું સંવેદન ઘટવા લાગ્યું હતું. બીજે જ દિવસે તો બા મૃત્યુ પામ્યા હતા. એક નિરીક્ષણ લેખકે નોંધ્યું છે તે ધ્યાનપાત્ર છે. મૃત્યુના માત્ર બે કલાક પૂર્વે બાને મળવા ગયેલા લેખકને બા એ પૂછ્યું હતું ભૈ જમીને આવ્યા. આમ, લેખકને બાના ગુણો જેવાં કે ઉદારતા,સાહસ, વાત્સલ્ય, આદર્શ પત્નીત્વ અને આદર્શ માતૃત્વને સરળ અને અસરકારક શબ્દોમાં પ્રગટાવી

આપ્યું છે. સાવ જ નાનકડા પુસ્તકમાંથી બાની વિરાટ તસ્વીર દૃષ્ટિ ગોચર થાય છે. લેખક સુંદર રીતે સમાપન કરે છે, જુઓ :-

"બા નથી, બાના ખોળામાંથી સરકીને બાગીશ્વરના ખોળામાં માથું મૂક્યું હતું. એ ભ્રાન્ત ખોળામાં પણ આધાર મળ્યો નહીં. મા વગરનો છું નિરાધાર, સાવ ખોટા, સાચો તો હતો બાનો શૈશવમાં મળેલો સ્પર્શ, બાનો અવાજ જે અવાજને, સ્પર્શને કોઇ ભાષા ન હતી. અર્થ ન હતો."[૫]

આરતીબેન સોની કહે છે કે, "લેખકે 'મારી બા' વિશેના પુસ્તકમાં પોતાની બા પ્રભાવતી એ સામાન્ય પ્રભાવતીની જેવાં નિરૂપ્યાં છે. કોઈ મહાન વ્યક્તિચિત્ર નથી, પરંતુ તેમણે પોતાની ચેતનાને વિકસાવી બાનું નિરુપણ, તેની યાદને એવી રીતે પ્રગટ કરી છે કે આપણને તે સાક્ષાત રૂપે જોવા મળે છે."[૬]

લેખકે અહીં ઘણીવાર અભિધામાં વાત કરી છે. મતલબ કે ચરિત્ર કથન કર્યું છે. પરંતુ તેમની પાસે ગદ્યની ઉત્તમ સર્ગ શક્તિ હોવાથી કલાત્મકતામાં ઓટ આવતી નથી. વળી, જરૂર પડ્યે પ્રસંગો દ્વારા પણ બાના ચરિત્રને ઉઠાવ આપ્યો છે. સત્ય ઘટનાને શી રીતે કલાકૃતિમાં ફેરવી શકાય તેની સુક્ષ્મ સમજ લેખક પાસે છે તેથી અહીં પાત્ર ચરિત્રની કક્ષાએ ઉંચકાયા વિના રહ્યું નથી જેમાં લેખકની ચરિત્રકાર તરીકેની સિદ્ધિ છે.

**ભાષાશૈલી :-**

સાહિત્યની કળામાં મહત્ત્વનું પાસું જો કોઇ હોય તો એ ભાષા અભિવ્યક્તિનું છે. બલકે, કથાવસ્તુ તો એક આધાર છે. ખરું મહત્ત્વનું કામ તો ભાષા સિદ્ધિ કરવાનું છે. મારી બા ચરિત્ર નિબંધમાં ભાષાના ક્ષેત્રે નોંધપાત્ર કામ થઇ શક્યું છે. એમ કહી શકાય. ભાષાના મુદ્દે જોઇએ તો આધુનિક સર્જક પરંપરાઓથી ઉફરા ચાલે છે. પરંપરાગત લેખકો માટે ભાષા કેવળ એક સાધન હતી. જ્યારે આજના સર્જક માટે તે સાધન અને સાધ્ય ઉભય બની છે. મતલબ કે, ભાષા દ્વારા ભાષા નિપજાવવાની છે. આમ, આરતી સોની કહે છે કે, "આધુનિક લેખક ભાષાને તાગવાની મથામણ કરે છે. આમ, ભાષા પોતે જ એક કળાકૃતિ બને છે. લાભશંકર ઠાકરના કાવ્યસંગ્રહોમાં ભાષા કે શબ્દને કેન્દ્રમાં રાખીને લખાયેલા અનેક કાવ્યો

મળે છે.''[૭] અહીં, આ બા ના ચરિત્રમાં પણ લેખક ભાષા અભિવ્યક્તિને તેટલી જ મહત્ત્વની ગણીને ચાલ્યા છે. અહીં સર્જકની મથામણ માત્ર બાનું ચરિત્ર જ નિપજાવવાની નથી પરંતુ પોતાની ચેતનામાં આકૃતિ પામેલા બાને ભાષા દ્વારા અભિવ્યક્ત કરવામાં ભાષા કેટલી હદે કામ લાગે છે, એ તેઓ સર્જક તરીકે ચકાસી-તપાસી જુએ છે.

પ્રસ્તુત ચરિત્રમાં લેખકે પોતાના બાળપણ વખતનું વતનનું ગામ સેડલા,પાટડી તથા અમદાવાદ આદિ સ્થળોના વર્ણન સાથે એ વખતે ગામડામાં, ખાસ કરીને બા દ્વારા બોલાતી બોલીને વિશિષ્ટ રીતે મૂકી આપી છે. એક જગ્યાએ લેખક દ્વારા લખાયેલ ભાષાકર્મ ધ્યાનપાત્ર બની રહે છે. ''- આંખ ચોંટી ગૈ છે ખૂલતી નથી.''[૮]

અગાઉ ઉલ્લેખ્યું તેમ આંખમાં ભણ ભરવામાં આવે ત્યારે થતી બળતરા વખતે કિશોર લા.ઠા. જે રીતે ગુસ્સો વ્યક્ત કરતા તેનું વર્ણન પણ બોલીપ્રધાન છે. જુઓ -

''બા તું જૈસ નઇ..

તારી પાંહે (પાસે) જ બેઠી છુંને, સૂઇ જા.''[૯]

એવી જ રીતે આગળ ઉપર -

''મારો લાલુ ઘોડિયામાં ઊંઘતો હોય અને રસિકભાઇ એના ઉપર ઘોડિયામાં બેહી જાય અને હીંચે.''[૧૦]

''- તમે ગઇ વખત લાયા તા ઈ સોપારી તો પડી છે હજી.''[૧૧]

આમ, લોકબોલીની લઢણો-તરાહો અને છટાઓ દ્વારા અહીં ભાષાગત કામ નોંધપાત્ર રીતે થયું છે. વિશેષ કરીને બા ના સંવાદોમાં તળપદાની છાંટ રસપ્રદ અને આસ્વાદ્ય બની આવી છે. વળી, જ્યાં જ્યાં લેખક પોતાનાં નિરીક્ષણો કે તારણો મૂકી આપે છે. ત્યાં ત્યાં પ્રશિષ્ટ-માન્ય ભાષા પણ પ્રગટ થાય છે :-

''માણસ રુગ્ણ હોઇ શકે, ગુનેગાર નહીં, ધાર્મિક,સામાજિક-નૈતિક- રાજકીય સર્વે સંકુચિત દૃષ્ટિઓથી પર જઇને ફ્રોઇડે માણસની ચેતનાને, મનને સમજવાનો, ઉકેલવાનો પુરુષાર્થ કર્યો. આ બધું વાંચવા મળતાં આશ્ચર્યનો અનુભવ થતો. બીજાને

જજ કરવાની વાત તો સરી ગઇ પણ પોતાની આંતરિક ગૂઢતા, રહસ્યમયતા, એ જિજ્ઞાસાનો વિષય બન્યા.''[૧૨] અહીં લેખકનું જીવનદર્શન પ્રશિષ્ટ ભાષામાં પ્રગટ થયું છે. અલબત્ત, ચરિત્રાંકન વખતે સહજતાથી આ દર્શન પ્રગટ થતું હોવાથી આગંતુક લાગતું નથી. વળી, ચરિત્રના રસમાં ભંગ કરતું નથી. તેથી સ્વીકાર્ય બને છે. પૃ.૫૦ પર પણ લેખક પોતાનો અભિપ્રાય પ્રશ્નવાચક વાક્યોથી આપી બેસે છે. ભાવના, આદર્શ એ શું માણસનો સ્વભાવ છે ? મારે માટે અનુચર છે આ પ્રશ્ન આજ સુધી પ્રસ્તુત વાત છે. કિશોર-કુમાર અવસ્થાની મારી ભાવનાગ્રસ્ત દશાની.

લેખક પાસે સુક્ષ્મ અવલોકન દૃષ્ટિની સાથે તીવ્ર અનુભૂતિ છે. તેમજ ભાષાકળાનો પ્રબળ અનુભવ છે પરિણામે અહીં ઉત્તમ ભાષા નિપજી આવી છે. ગ્રામ્યજીવનને નિરૂપી રહેલા લા.ઠા. તત્કાલીન લગ્નગીત કે દલ્લા દલ્લીની રમત આદિ પણ બળૂકી મૂકી આપે છે.

''કૂવાને કાંઠડે સાંઢણી

ઝેકારો મા 'માણ રાજ..

મારું દલ.. મારું દલ..

રીઝે હો રાજ...''[૧૩]

અહીં દલ એટલે દિલ. આમ, લગ્નગીત દ્વારા તળપદાં સંવેદનો આકારિત થઇ શકે છે. અને ચરિત્રકથાની ગુણવત્તામાં વધારો થાય છે.

''લાલ તમાશા થાય

આખી નગરી જોવા જાય

જોજો રે નગરીના લોકો

લાલ તમાશા થાય.''[૧૪]

''તમે થોડું થોડું જમઝો રે

પરભાબેન ફાંગટડા

તમારા પેટડામાં દુખશે રે

પરભાબેન ફાંગટડા.''[૧૫]

એ જમાનામાં લગ્નગીતો ફરજિયાતપણે ગવાતાં અને દરેક સ્ત્રીને કંઠસ્થ રહેતાં. બાળ લા.ઠા. ના ચિત્તમાં આ બધા ગાણાં યથાતથ સાચવામાં છે. એ જમાનામાં કન્યાઓનાં વ્રતોનો પણ વધુ મહિમા હતો. વ્રત વેળાએ દલ્લા-દલ્લીની રમતો રમાતી. કવિ અને સંવેદનશીલ લાભશંકર ઠાકરના ચિત્તમાં અદ્યાપિ આ બધું ટક્યું છે. જે કળાકીય રીતે પ્રગટ થઇ શક્યું છે.

''દલ્લો, ફૂફૂફૂ

દલ્લી, ફૂફૂફૂ

તારા, ફૂફૂફૂ

દલ્લાના ફૂફૂફૂ

મારી ફૂફૂફૂ

દલ્લીની જોડે ફૂફૂફૂ

વિવાહ ફૂફૂફ

કરીશું ફૂફૂફૂ ...''[૧૬]

આમ, અહીં લેખક પદ્યની લોક કૃતિઓ દ્વારા પોતાના ગદ્યને પણસુચારુ અને આસ્વાદ્ય બનાવવામાં સફળ થયા છે. બાની આ ચરિત્રકથા ભાષાકૌશલને કારણે કળાકીય ઊંચાઇને પ્રાપ્ત કરી શકી છે. આથી જ આરતી સોની કહે છે કે, ''લાભશંકર ઠાકરની 'મારી બા' ચરિત્રગ્રંથને વિશેષ રીતે સફળ કરવામાં કોઈ વસ્તુ હોય તો તે છે વિશિષ્ટ ભાષાકૌશલ્ય.''[૧૭] લેખકની સર્જક તરીકેની તટસ્થતા પણ અહીં ધ્યાનપાત્ર છે. ચરિત્રલેખન કદાચ અઘરામાં અઘરો સાહિત્યપ્રકાર છે. એમાંય જ્યારે સ્વજન વિશે લખવાનું થાય ત્યારે એના દોષોને અવગણીને કેવળ ગુણલક્ષી બની જવાનો ભય રહે છે. સર્જકનું પક્ષપાતી વલણ કૃતિની પ્રમાણભૂતતાના પ્રશ્નો ઊભા થાય છે. ચરિત્રકાર લાભશંકર ઠાકર સુખદ અપવાદ બની શક્યા છે. બા કે બાપાના વર્તનનમાં નબળાં પાસાંનો ઉલ્લેખ પણ તેમણે પૂરતી સમદૃષ્ટિ સાથે કર્યો છે. પોતાની કુમારાવસ્થામાં લેખક પોતાનાં માતા-પિતાને જજ કરતા. એ

વયે પોતે સ્વાભાવિક રીતે જ આદર્શઘેલા હોય-હતા. તેથી માતા-પિતાના કેટલાક દોષોને તેઓ કડક નજરે જોતાં. રેશનિંગમાં ચોખાનું પોટલું કે ખાંડનો ડબ્બો સંતાડતાં માતા-પિતાને, ખાસ કરીને બાને કહી દેતા. "- જો ઇન્સ્પેક્ટર આવશે તો આ બધું સંતાડો છો તે બતાવી દઈશ."[૧૮]

આમ, બાના વ્યક્તિત્ત્વની વિશેષતાઓ સમેત મર્યાદાઓ પણ તેમણે યથાશક્ય તટસ્થ રહીને મૂકી આપી છે.

એવી જ રીતે ઘણીવારે બાનો પુત્રવધૂઓ સાથેનો વહેવાર લેખકને ન ગમતો. એવી સ્થિતિમાં લેખક બાને સાચું કહી દેતા ન અચકાતા. એવી જ રીતે ફળિયાની સ્ત્રી સાથે બા કોઇ અન્ય સ્ત્રીની નિંદા ધીમા સાદે- કરતા ત્યારે તો લેખકને મુદ્દલ ના ગમતું તેઓ ગુસ્સાથી કહેતા- શું વાત કરો છો ? કોની ખોદણી કરો છો ?

આમ, ભાષાકળાની જેમ જ સર્જક તરીકેની તટસ્થાતા પણ અહીં ધ્યાન ખેચનારી છે. અને તેથી જ 'મારી બા' ચરિત્રકથા કળાત્મક્તાનાં ધોરણોમાં ખરી ઉતરી છે.

આ ચરિત્રની અન્ય એક વિશેષતા પણ નોંધપાત્ર છે. લેખકે બા ને આદર્શોનું પૂતળું બનાવવાને બદલે તેને મનુષ્યની રીતે જ નિરૂપ્યા છે તેમણે બાના ગુણ-દોષોને સાથે જ મૂકી આપ્યા છે. વળી, બાના ચરિત્રને ઉજાગર કરતા અન્ય પાત્રો તેમજ પ્રસંગોનો ઉપયોગ કરીને બાના ચરિત્રને બહુપારિમાણિક બનાવ્યું છે. બાને માત્ર ભાવના કે પ્રેમથી જોવાયાં હોત તો ભાવુકતાને લઇને ચરિત્રકથા પ્રશસ્તિલેખ જેવી બની રહેત. લેખક કળાને વફાદાર રહી શક્યા છે. અને પોતાને જે રીતનું બાનું ચરિત્ર નિપજાવવું હતું એ રીતે નિપજાવી શક્યા છે. જો કે, કળાની સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇએ તો અહીં દોષો નથી જ એમ પણ ન કહી શકાય. કેટલીક જગાએ લેખક પુનરાવર્તન પણ કરે છે. વળી, જે સાનમાં સમજાવી શકાય તેવી બાબતને તેઓ બિનજરૂરી લંબાણથી કહેવા બેસે છે. કેટલાક ઉલ્લેખો મહત્ત્વહીન છે. જેનાથી બાના ચરિત્રને સ્પષ્ટ કરવામાં કે, કળાની દૃષ્ટિએ ખાસ લાભ થતો નથી. લેખકે જરૂરી સંપાદન કરીને પુસ્તક પ્રગટ કર્યું હોત તો કૃતિ વધુ નમૂનેદાર બની શકી હોત. અહીં ઘણીવેળા સર્જક લા.ઠા. પર વિચારક લા.ઠા. હાવિ જેવા લાગ્યા છે. ત્યારે ચરિત્રકથા થોડીકવાર બાજુ પર જતી રહે છે. અને લા.ઠા. જાણે સમાજદર્શન

કરાવતા નજરે પડે છે. પરંપરાથી ઉફરા ચામવાની લેખકની હઠ ઘણીવાર તેમની કળાકીય પ્રવૃત્તિને નુકશાન કરી બેસે છે. આવું અહીં પણ થયું છે. આમ, છતાં લા.ઠા. લિખિત આ ચરિત્ર ગુજરાતી ચરિત્રકળાઓમાં પોતાનું સ્થાન આગલી હરોળમાં મુકાવે છે એ ચોક્કસ છે.

# બાપા વિશે

## પ્રાસ્તાવિક

નિબંધકાર લાભશંકર ઠાકરે પ્રચુર ગદ્યસાહિત્યનું સર્જન કર્યું છે. તેઓ અતિલેખન કરતા સર્જક છે. આમ છતાં તેમના સાહિત્યમાં અપેક્ષિત ગુણવત્તા જળવાઈ રહે છે. લા.ઠા.એ 'કાગળની પૂંછડી', 'ઢોળી ગયાં જે તડકો', 'ઝાકળનો ઝ', 'નિસબત' જેવા સર્જકતાસભર નિબંધો આપ્યા છે. આ નિબંધો દેશ-સમાજ-સંસ્કૃતિ અને ધર્મ વિશે મુક્તલેખન કર્યુ છે. આ નિબંધોમાં લેખકની મૌલિકતા અને અભિવ્યક્તિનું કૌશલ તરત જ ઊડીને આંખે વળગે છે.

આરતી સોની કહે છે કે, "લાભશંકર ઠાકર આધુનિક સાહિત્યપ્રવાહના પ્રમુખ સાહિત્યકાર છે. તેમણે ગુજરાતી સાહિત્યમાં કવિતાઓ, નાટકો, નવલકથાઓ, એકાંકીઓ આપ્યાં છે. તેમણે તેની સાથે સાથે બે ચરિત્રગ્રંથો પણ આપ્યાં છે. એમાં તેમણે કોઈ પ્રસિદ્ધ મહાન વ્યક્તિનું ચરિત્ર નિરૂપ્યું નથી. તેમણે 'બાપા વિશે' અને 'મારી બા' એમ બે ચરિત્રો આપ્યાં છે."[૧૯]

'બાપા વિશે' પણ નિબંધકાર લા.ઠા.ના નિબંધનું જ પુસ્તક છે. અલબત્ત, અહીં ચરિત્રનિબંધ છે. લેખકે પોતાના બાપુજી વિશે ઉલટથી લખ્યું છે. લલિતનિબંધકાર લા.ઠા. ચરિત્રકાર તરીકે પણ એવા જ સફળ છે એવી છાપ આ પુસ્તકમાંથી પસાર થતાં પડે છે. ચરિત્રનિબંધમાં અઘરામાં અઘરું કામ તટસ્થ રહેવાનું છે. એમાંય જેમને વિશે લખવાનું હોય એ વ્યક્તિ સ્વજન હોય ત્યારે તો વિશેષ ! પોતાના પિતાજી વિશે લખી રહેલા લા.ઠા.નું સર્જક તરીકેનું તાટસ્થ્ય જોખમાતું નથી. 'બાપા વિશે' સંગ્રહ વિશે વિગતે જોઈએ.

## નિબંધના વિષયો (વસ્તુ)

'બાપા વિશે' ચરિત્રનિબંધનું પુસ્તક છે. અહીં નિબંધકાર પોતાના વૈદ્યરાજ પિતા જાદવજી ઠાકર વિશે લખે છે. અહીં લેખકનો પ્રયાસ વ્યક્તિ જાદવજીના ચરિત્રને ચાક્ષુષ કરાવવાનો છે. આ ટૂંકો ચરિત્રનિબંધ નથી, બલકે ૧૮૦ પૃષ્ઠોમાં વિસ્તરેલી જીવનચરિત્રકથા છે. એક રીતે જોઈએ તો સ્વજનનું ચરિત્ર લખવું એ નવી વાત નથી. અનેક સર્જકો દ્વારા માતાપિતા-ભાઈ કે મિત્ર આદિ વિષયક

ચરિત્રો લખાયાં છે. બે-ત્રણ પૃષ્ઠથી લઈને આખી બૃહદ જીવનકથાઓ લખાઈ છે. પ્રગટ થઈ છે. પરંતુ આ પ્રકારનાં ચરિત્રો હંમેશાં ઉત્તમ કલાકૃતિ બનતા નથી. ઘણીવાર તો એમાં ઉપરછલ્લી માહિતીથી વિશેષ કશું જ નથી હોતું તો વળી, ઘણીવાર લેખકો સ્વજન પ્રત્યેના ભાવમાં ખેંચાઈને જે - તે 'વ્યક્તિ'ને મહાન બનાવી મૂકે છે. ઘણીવાર તો ચરિત્રોને 'આદર્શ' બનાવીને એની માનવીયતાને ક્ષીણ કરી દેવામાં આવે છે. પરિણામે વિશ્વસનીય અને પ્રમાણભૂત ચરિત્રો આપણે ત્યાં આંગળીના વેઢે ગણી શકાય તેટલાં માંડ મળે છે અને એટલે જ લાભશંકર ઠાકર જેવો સર્જક જ્યારે 'બાપા વિશે' પુસ્તક 'ચરિત્ર' સ્વરૂપે લઈને આવે ત્યારે સ્વાભાવિક રીતે જ એક સુજ્ઞ ભાવક તરીકે સૌને એમાં રસ પડે કે લા.ઠા. જેવા કંઈક અંશે ઉદ્દામ લેખાતા સર્જકે પોતાના જ પિતા વિશે લખતી વેળાએ કેટલી - કેવી તટસ્થતા દાખવી છે ?

જો કે, લાભશંકર ઠાકરે પોતાનું સર્જક તાટસ્થ્ય જરા પણ અળપાવ્યું નથી. તેઓ બાપાને જેવા હતા તેવા સ્વરૂપે તેમની બધી જ લાક્ષણિકતાઓ સમેત વાચક સામે મૂકે છે.

લેખકે અહીં લીલયા જીવનચરિત્ર આલેખ્યું છે. પરંપરિત રીતે જન્મ-બાળપણ-શિક્ષણ જેવા વિભાગોમાં બંધાય તે લા.ઠા. નહિ. તેમણે પોતાની સાહજિક ઢબે લખ્યું છે અને પડ્યાં તેવાં-તેટલાં અને તેવડાં પ્રકરણ પડવા દીધાં છે. આવા, નાના-મોટા ૭૫ ટુકડા પડ્યા છે. અહીં લા.ઠા. પોતાના પિતા જાદવજીના ચરિત્રને ઉપસાવવા જતાં અનાયાસે પોતાનું ચરિત્ર પણ ખોલી બેસે છે. એમ તો નાના-મોટાં અન્ય સ્વજનોનાં ગૌણ પાત્રો પણ વખતોવખત દેખા દે છે. પરંતુ બાપા અને લાભુ (લાભશંકર ઠાકર) જેટલો Span અન્ય પાત્રોનો સ્વાભાવિક રીતે જ નથી - ન જ હોય.

લા.ઠા. આ પુસ્તકમાં બધી વાત માંડીને કરે છે. એમ કહેવાય કે, મલાવીને કરે છે. એનો અર્થ એ નથી કે લા.ઠા. નક્કર સત્યો સાથે ચેડાં કરીને કાલ્પનિક પ્રસંગો ઊભા કરે છે ! પરંતુ લા.ઠા.ની ભીતરનો કલાકાર 'એનાવાળી' કર્યા વિના રહેતો નથી. વિશેષ તો બાપાના જીવનના જે અને જ્યાં અંકોડા મળતા નથી ત્યાં લા.ઠા. પોતાના સમૃદ્ધ કલ્પનાનો વિનિયોગ કરીને કથાનું સૂત્ર જોડી આપે છે. લા.ઠા.એ અહીં બાપાના દરેક એન્ગલથી ફોટા લીધા છે. એટલું જ નહિ બાપાના

બાહ્ય ઉપરાંત ભીતરના વ્યક્તિત્વને પણ તેમણે ખોલી આપવાનો ઉદ્યમ કર્યો છે તથા તેમાં સફળતા પણ મેળવી છે.

આમ, અહીં 'બાપા વિશે' પુસ્તકમાં લેખક પોતાના જ પિતા વિશે વિસ્તાર-વ્યાપ અને ઊંડાણથી ચરિત્રાંકન કરે છે. આ ચરિત્રની વિશેષતા એ છે કે, અહીં એક સાથે ચરિત્ર અને નવલકથા વાંચનનો આસ્વાદ પ્રાપ્ત થાય છે. કદાચ, આ પ્રકારે લા.ઠા. જ લખી શકે તેવું લાક્ષણિક ચરિત્ર સર્જકતાની પણ ભર્યું-ભર્યું છે.

## શિલ્પ-ગૂંથણી

સાહિત્યકળામાં મુખ્યત્વે બે પક્ષ હોય છે. કલાપક્ષ અને ભાવપક્ષ, ભાવપક્ષમાં કૃતિના વિષયવસ્તુની વાત હોય છે. તેમાનાં સંદેશ એટલે કે દર્શનની વાત હોય છે. જયારે કલાપક્ષમાં કૃતિનું બાહ્યસ્વરૂપ યાને કે શિલ્પ વિધાનની વાત કરવામાં આવે છે. લાભશંકર ઠાકર વિચારધારાની રીતે સેમ્યુઅલ બેકેટ અને અનયેસ્કીથી પ્રભાવિત છે. તેમને માટે કળા એ લીલા પ્રવૃત્તિ છે. સુરેશ જોષી એ રીતે રૂપ રચનાવાર યાને કે આકૃતિવાદના પુરસ્કર્તા હતા એ રીતે લા.ઠા. જોકે આકૃતિને મહત્ત્વ આપતા નથી આમ છતાં તેઓ શિલ્પવિધાન બાબતે આંખ આડા કાન કરે છે એમ તો ન જ કહી શકાય. વિશેષ કરીને 'બાપા વિશે' નિબંધને લાગે વળગે છે ત્યાં સુધી તેઓ શિલ્પના મુદ્દે પણ અપેક્ષિત પ્રયોગશીલતા દાખવે છે.

'બાપા વિશે' એક જીવનકથા છે જેમાં સર્જક પોતાના પિતાને શબ્દ દ્વારા અંજલિ આપે છે. લેખકે અહીં શિલ્પ બાબતે લીધેલી કાળજી નોંધપાત્ર છે. તેમણે એક ધારી અને નિરસ શૈલીમાં વાત કરી નથી. તેમને તો જુદા જુદા એંગલથી જાણે કે બાપાની શબ્દોની છબિ લીધી છે. ભાષા સાથે પણ લેખકે નિસબતથી કામ લીધું છે. નાના મોટા પ્રકરણોમાં પુસ્તકને વહેંચ્યું હોવાથી અહીં ગદ્યની અવનવી છટાઓ દાખવવાની તક પ્રાપ્ત થઈ છે. શિલ્પના અવનવા પ્રયોગો ધ્યાન ખેંચે છે. જેમ કે લેખકે કયાંક-કયાંક અભિધાથી કામ લીધું છે. કયાંક વ્યંજના તો કયાંક લક્ષણાથી પણ કામ લીધું છે. એવી જ રીતે લેખકે ચોક્કસ પ્રકારની ભાષા જ વાપરવાનો દુરાગ્રહ રાખ્યા વિના શબ્દની સ્ફોટક શક્તિનો ઉચિત વિનિયોગ કર્યો છે. પરિણામે શિલ્પ વિધાનની રીતે આ પુસ્તક લા.ઠા.ના અન્ય પુસ્તકો કરતાં કલાની રીતે વધુ ઉમદા અને ઉત્તમ થયું છે. આમ શિલ્પ વિધાનની રીતે પણ આ પુસ્તક સાચા અર્થમાં ધ્યાનપાત્ર બન્યું છે.

## ચરિત્રાંકન / સ્કેચ

ચરિત્રને લગતાં પુસ્તકમાં સર્જક ચરિત્રચિત્રણ બલકે ચરિત્રાંકન કઇ રીતે કરે છે તે મુદ્દો રસપ્રદ હોય છે. ઘણીવાર ચરિત્રોનું મોટેભાગે કથન હોય છે. ચરિત્રલેખન અને ચરિત્રાંકનમાં ભેદ છે. માત્ર કહેવાથી વાચકના મનમાં છાપ ઉપસતી નથી. વાચકને ચરિત્ર ચાક્ષુષ થવું ઘટે. એ માટે જીવનપ્રસંગો અને ઘટનાઓનો આશ્રય લેવો પડે. ઘટનાઓમાં પણ અતિરંજનને ગાળી નાખવું પડે. કારણ કે, કોઇ પણ મહાન માણસમાં પણ દોષો તો હોવાના જ. સર્જકે ગુણ-દોષ સમેતનું ઠોસ વ્યક્તિત્વ શબ્દ દ્વારા આલેખવું પડે. લાભશંકર ઠાકરને વિસ્તારથી 'બાપા વિશે' લખવાનું હતું. તેમણે સૂઝપૂર્વક ચરિત્રકથા આલેખી છે.

પહેલા પ્રકરણમાં તેઓ ચરિત્ર લખવાના કારણો વિષે વાત કરે છે. વાસ્તવમાં તો લાભશંકર જોષીએ જ લા.ઠા.ને લખવા - પિતાનું ચરિત્ર લખવા પ્રેરેલા. એ પછી તેઓ પોતાના પૂર્વજોનો ઇતિહાસ પણ કહે છે. લાભશંકર ઠાકરે બાપાના ચરિત્રને બહુ પારિમાણિક બનાવવા સળંગ કથા કહેવાને બદલે આડીઅવળી રીતે કહી છે. કિશોર જાદવજીનું ઘડતર કરનારા પુરાણીભાનું ચરિત્ર પણ પ્રારંભમાં દેખા દે છે. બાપા કયાં ભણ્યા હશે એનો અડસટ્ટો લગાવે છે. લા.ઠા. અગાઉ કહ્યું તેમ ચરિત્ર વિશે લખતા નથી, ચરિત્ર પ્રગટાવે છે. ચરિત્રનું તાદશ્યીકરણ કરે છે. બાપાના જીવનના નોંધપાત્ર પ્રસંગ-ઘટનાઓની ધારી મદદ મળે છે. પરિણામે ચરિત્ર-પાત્ર યથોચિત રીતે આપણી સામે તાદશ્ય થાય છે. ચરિત્રનાયકનું ચરિત્ર આલેખતી વેળાએ લા.ઠા.નું ચરિત્ર પણ પ્રગટ થાય છે - થતું રહે છે. લા.ઠા.એ દોરેલાં શબ્દચરિત્રોમાંના બેએક જોઇએ :-

'મારા બાપા છ્યાંસી વર્ષના છે. જીવનમાં અંતિમ વર્ષોમાં મગજના કમ્પ્યૂટરમાંથી ઘણું બધું ભૂંસાઇ ગયુ છે. આંગળાંના વેઢે ગણાય એટલી જ સ્મૃતિઓ એમની વાણીમાંથી અનેકવાર પ્રગટ થયા કરે છે'[૨૦]

બીજું એક તાદશ્ય વર્ણન જુઓ :-

'શાસ્ત્રીજી ઓછી ઊંચાઇના કિશોર જાદવજીના નમેલા મસ્તક પર હાથ મૂકે છે. પછી એ હાથ ખભા પર, બરડા પર ફેરવતાં બોલે છે : 'પુરાણી, તમે નિશ્ચિંત રહેજો. મારા વિદ્યાર્થીઓ સહુ મારા પુત્ર સમાન છે.'

- આપની વિદાય લઉં શાસ્ત્રીજી, જે સ્વામીનારાયણ

- જય સ્વામીનારાયણ'[૨૧] આમ, અહીં પાત્રોને ચરિત્રો બનાવવા માટેનો સર્જકનો ઉદ્યમ નજરે પડે છે અને કદાચ તેથી જ આ ચરિત્રકથા ગૂર્જર ચરિત્રસાહિત્યમાં માંગ મુકાવે છે.

## ભાષાશૈલી

સાહિત્ય સર્જન માટે ભાષા એ સાધન છે. પરંતુ કોઇ પણ લેખન કળાકૃતિ ત્યારે જ બને છે. જ્યારે ભાષા સાધન મટીને સાધ્ય બને. આમ, ભાષાશૈલી કોઇ પણ કલાકૃતિ માટે અત્યંત મહત્ત્વની છે. સ્વાભાવિક રીતે જ દરેક લેખક-સર્જક-કલાકાર પાસે પોતાની આગવી અલાયદી અને મૌલિક ભાષાશૈલી હોય છે. કહેવાય છે કે, શીલે ભવા શૈલી. શૈલી જે - તે વ્યક્તિના વ્યક્તિત્ત્વ બલકે ચરિત્રમાં પ્રગટે છે. યોગ્ય શબ્દ પસંદગી, ક્લિષ્ટ ન હોય તેવી સરળ ભાષા, સહજ-મૌલિક અભિવ્યક્તિ, ટૂંકા અને સચોટ વાક્યો ભાષાને ગૌરવ ને ગુણવત્તા બક્ષે છે. વિષયવસ્તુ ભલે ચીલાચાલુ કે સર્વપરિચિત હોય પરતુ પોતાની પરિષ્કૃત ભાષાશૈલીથી સર્જક પોતાના સર્જકને કલાકૃતિ બનાવી શકે - બનાવે છે.

'બાપા વિશે' ચરિત્રાલેખ છે. અહીં લેખક પોતાના પિતાજીના જીવનને પોતાની ભાષામાં આપણી સામે મૂકે છે. સ્વાભાવિક રીતે જ કોઇ પણ વ્યક્તિની જીવનની લખવામાં કથા. તો જાણીતી જ હોય બલકે, સત્યઘટના જ હોય. પરંતુ ઘટના હોવાથી તે કળાકૃતિ બની જતી નથી. ઊલટાની તેને યથાતથ આલેખવાથી નીરસ બને છે. વાસ્તવમાં તો લેખકની કળાત્મક-સાહિત્યિક ભાષા દ્વારા જ જીવનકથા રોચક ને રસપ્રદ બને છે. 'બાપા વિશે' ચરિત્રાલેખમાં ભાષાશૈલીની સ્તરે નોંધપાત્ર કામ થયું છે. આપણે સોદાહરણ જોઇએ. લેખક સાદાં-સરળ વાકયો દ્વારા આપણી સામે આખું ચિત્ર ખડું કરે છે, જુઓ -

"એક અવધૂત દરરોજ દાળ-રોટી લેવા આવે. છૂટી લટૂરિયા જટા. પગના ઢીંચણ સુધી દાઢી. મૂછ-પાંપણ ભ્રમરો શ્યામ. વિશાળ ચમકતું ભાલ - ચક્ષુદૃષ્ટિ પૃથ્વી ઉપર રાખી ધીમે ધીમે ચાલતા સદાવ્રતની પંક્તિમાં બેસી, અંજલિમાં ભિક્ષા લઇ, ગંગા પાસે પહોંચી, ભિક્ષા આરોગી, જળ પી, સ્વસ્થતાથી વૃક્ષો વટાવી અદશ્ય થઇ જાય. કોઇ અદશ્ય શક્તિથી આ અવધૂત તરફ મનનું આકર્ષણ થયું.

એમની ક્રિયા-ગતિ જોતો રહું. અવધૂત ઊંચી નજર ન કરે. ભિક્ષા લેતાં, ગંગાજી તરફ જતાં, પાછાં વળી ભૂમિ પર પાંચ ફૂટ સુધી જોતા હોય એમ લાગે છે.''[૨૨]

અહીં સાદું-સરળ અને પ્રાસાદિક ગદ્ય સાથે જ રોચક બને છે. તેમ જ આપણી સામે અવધૂત જાણે કે તાદશ્ય થાય છે. લેખકે ઘણે સ્થળે પાત્ર-પાત્ર વચ્ચેના સંવાદો દ્વારા પણ ભાષાની શક્તિને તાગી જોઇ છે જુઓ -

... જાદવજી એક ખૂણામાં બેસી ગયો. ધૂંધવાઇ ઊઠેલા મહંત બોલ્યા :

'શાસ્ત્રીજી મહારાજ, સાંભળ્યાં અને જોયાં તમારા વિદ્યાર્થીનાં પરાક્રમો ?'

'હા, તેઓ ગુનેગાર છે, પણ બાળકો છે, વિદ્યાર્થી અવસ્થા છે એમ સમજીને ક્ષંતવ્ય ગણું છે.'

'સાધુઓ બીભત્સ ગાળો બોલ્યે છે, હાથ ઉગામ્યા છે.'

'કમિટી અને અમારો નિર્ણય છે કે વિદ્યાર્થીઓને વંડામાં રહેવા ન દેવા અને પાઠશાળા...'[૨૩]

અહીં આપણે જોઇએ છીએ કે લેખક સંવાદ દ્વારા પ્રસંગને જીવંત કરે છે. તેમજ વિતેલા યુગનું વાતાવરણ ખડું કરે છે. વળી, તેઓ પાત્ર ગત સંવાદો પણ રચી શકે છે. ઘણે ઠેકાણે લેખક આત્મલક્ષી બનીને લેખકની શરૂઆતની શરૂઆત કરે છે પછી ધીમેથી મુખ્ય વિષય બાપામાં સ્થિર થાય છે. એક ઉદાહરણ દ્વારા તે જોઇએ.

''પોરો ખાવા પ્રકરણ પાડી દીધું. બાપાની 'લેખન' પ્રવૃત્તિ વિશે લખવા બેસું તો અડાબીડ જંગલમાં અટવાઇ જાઉં આ ક્ષણે પણ અટવાઇ ગયો છું તેથી જેમ મનમાં આવે છે તેમ ભખ્યે જઇશ. 'બહુરુપી' માં એમના કૉલમમાં બાપાએ એક યુવતીનો પત્ર છાપેલો. એ પત્ર 'થથરાવી' દે તેવો હતો. એ યુવતીએ પત્ર દ્વારા 'માર્ગદર્શન' માગ્યું હતું. બાપાએ પત્ર છાપીને 'બહુરુપી'ના સુજ્ઞ વાચકોને આમંત્રણ આપ્યું હતું. પોતાના માર્ગદર્શક વિચારો જણાવવા. મેં કિશોર વયે એ પત્ર અને પ્રતિભાવો આપવામાં કેટલાક પ્રસિદ્ધ માણસો હતા. સ્મૃતિમાં એક નામ ઊપસી આપે છે તે 'ચિત્રલેખા' અને 'વીજ'ના તંત્રી વજુ કોટકનું. મારી સ્મૃતિ સાચી

હશે ? પત્રમાંની ઝીણી વિગતો યાદ નથી. પણ યુવતીની વ્યથા કંઇક આવી હતી. પરપીડનવૃત્તિવાળો, વિકૃતિ પતિ પત્ર લખનાર યુવતી (પત્ની) ના જનનમાર્ગમાં મરચાંની ભૂકી ભરીને પીડતો,[૨૪] આમ લેખક જુદા જુદા સ્તરે અને જુદી જુદી રીતે ભાષાશૈલી પ્રયોજે છે.

## મૌલિકતા

સાહિત્ય એ શબ્દની કળા છે. તેમાં સર્જક પોતાની મૌલિકતા દ્વારા અભિવ્યક્ત થતો હોય છે. વાસ્તવમાં તો મૌલિકતા જ સાચી કળા છે. મૌલિકતા વિનાનું સર્જન પ્રભાવ ઊભો કરી શકતું નથી. બાપા વિશે પુસ્તકમાં મૌલિકતાનું તત્ત્વ કેવી રીતે સ્થાન પામ્યું છે તે જોઇએ. વાસ્તવમાં તો અહીં મૌલિકનો વૈભવ છે. કદાચ આ એક જ એવી જીવન કથા છે કે જેમાં સર્જકે તથ્યોને યથાતથ જાળવી રાખીને પણ પોતાની સમૃદ્ધ કલ્પના શીલતાનો ઉમેરો કર્યો છે. અલબત્ત સત્ય અને તથ્ય સાથે તેમણે ચેડા કર્યા નથી તે સારું છે નહીં તો આ જીવનકથાની પ્રમાણભૂતતા પર વિપરીત અસર થઇ હોત જેવી રીતે ગાંધીજીની આત્મકથાનું ગદ્ય તેથી મૌલિકતાને કારણે આસ્વાદ્ય બન્યું છે તેવી જ રીતે લા.ઠા. લિખિત બાપા વિશેનું ગદ્ય પણ મૌલિક હોવાથી આસ્વાદ્ય બન્યું છે. લેખકે અહીં જીવનકથાનો ક્રમબદ્ધ આલેખી નથી પરંતુ આડીઅવળી રીતે આલેખી છે. પરિણામે બાપાનું બહુપરિમાણીક ચરિત્ર આપણી આંખ સામે તાદર્શ્ય થાય છે. અમસ્થા પણ લાભશંકર તેમની મૌલિકતાને કારણે ગુજરાતી સાહિત્યમાં જાણીતા બન્યા છે. આપણે એકાદ દૃષ્ટાંત જોઇશું કે જેમાં સર્જકની મૌલિકતા તાદશ્ય થાય છે.

“બાપાની વાત માંડુ, લાવ તેમનાં વસ્ત્રો વિશે લખું. જરી ભરેલી બ્રાહ્મણ પંડિતો પહેરે તેવી, લાલ રેશમી એક પાઘડી હતી બાપાની, આ પાઘડી તેઓ ભાગવત વાંચતા હશે ત્યારે પહેરતા હશે ? એ પાઘડી અમારા પાટડીના મકાનમાં એક કબાટમાં પડી રહેતી. કયારેક બા પાસે કબાટ ખોલાવી બાપાની પાઘડી પહેરતો. નાની ધોતલી અને પહેરણ પહેરતો. આંખે બાપાનાં ચશ્માં, તૂટેલાં, પહેરતો અને ‘જોશી’ હોઉં તેવો વેશ ધારણ કરીને ‘ભૂમિકા’ ભજવી મારી બાને તથા પડોશમાં રહેતી પટેલ જ્ઞાતિની સ્ત્રીઓને હસાવતો. આવા વેશવાળો મારો શૈશવનો એક ફોટો પણ કયાંક જીર્ણ અવસ્થામાં અટવાતો હશે.”[૨૫] અહીં સાચે જ મૌલિકતાનો વૈભવ આંજયાં વિના રહેતો નથી.

## અભિવ્યક્તિ

લેખન વાસ્તવમાં તો અભિવ્યક્તિની કલા છે. સર્જક પાસે અનુભૂતિ અભિવ્યક્તિ એવાં બે વાનાં હોવા જોઈએ. અનુભૂતિનું તત્ત્વનો વધતે ઓછે અંશે માનવ માત્રમાં હોય છે. પરંતુ સર્જકની સંવેદના વધુ તીવ્ર હોય છે. વળી, પોતાનાં સંવેદનોને વ્યક્ત કરવા માટેની સાહિત્યિક ભાષા પણ સર્જક પાસે હોય છે. આમ અભિવ્યક્તિની કળા વિના સર્જક સર્જક નથી. જો કે સર્જકે સર્જકે અભિવ્યક્તિની કળા જુદી અને નિરાળી હોય છે. દરેક સર્જક પાસે મૌલિક અભિવ્યક્તિ હોય છે. આપણે 'બાપા વિશે' પુસ્તકમાંની અભિવ્યક્તિની કળા વિશે જોઈએ.

"કિશોર કુમાર વયે અમદાવાદમાં કાળુપુરના સ્વામિનારાયણ મંદિર તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળામાં, મારા બાપા જાદવજી દાખલ થયા. આ લખી રહ્યો છું. તે ક્ષણે શિયાળાની ઠંડીનો આરંભ અનુભવું છું. તેથી ટીનેએજર બાપાને મંદિરની માલિકીના એક વંડાના છાત્રાલયમાં કયાંક કોઈ ખૂણામાં જયાં હૂંફાળો તડકો પડતો હોય ત્યાં બેઠેલાં કલ્પું છું. ઠંડા પાણીથી સ્નાન કરી લીધું છે. પૂજાપાઠ કરી લીધા છે. મોટા કપાળમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો ચાંલ્લો કરીને, ચોટલીને ગાંઠ મારીને, તડકાની જાજમ પર બાપા બેઠા છે. પણ નહિ, નહિ, એ કિશોરને 'બાપા' તરીકે આ કાલ્પનિક ક્ષણોમાં જોવામાં, કલમ ચલાવી રહેલા લાભશંકરને મુશ્કેલી પડે છે."[૨૬]

અહીં અભિવ્યક્તિની સાહજિકતા ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. લેખકની અભિવ્યક્તિની તાજગીના લીધે જ કદાચ આ જીવનકથા આસ્વાદ્ય બની છે. અન્ય એક ગદ્યાંશ જોઈએ.

"હજી એક સ્મૃતિ છે આ ઘરની - સમયની. શૈશવની એ વખતે હું નાનામાં નાના ઘરમાં ઘાઘરી-પોલકું મારી બા મને પહેરાવે - કપાળમાં ટીલડી કરે. કોઈ પડોશીની છોકરીનાં ઘાઘરી-પોલકું હશે ને ? અને પગમાં ઝાંઝરી પણ ખરી ? કદાચ. પણ હું નાચું. ઠમ ઠમ નાચું હાથમાં લહેકા સાથે નાચું. બા જોતી હોય હા, બાપા જોતા હોય અને હસતાં હોય એવી સ્મૃતિ છે. બાપાના હસતાં ચહેરાની સ્મૃતિ છે જ."[૨૭] આમ, અભિવ્યક્તિની દૃષ્ટિએ પણ આ જીવનકથા નોંધપાત્ર બની છે.

## રોચકતા

રોચકતા શબ્દ રૂચિ પરથી ઉતરી આવ્યો છે. લખાયેલું કોઇ પણ કલાસ્વરૂપ ગમે તેટલું ઉત્તમ અને કલાત્મક કેમ ન હોય જો તેમાં રસપ્રદતાનું તત્ત્વ નહિ હોય તો વાંચકો પુરું વાંચવાની તસ્દી નહિ લે. આમ રોચકતા નો ગુણ કોઇ પણ કલાકૃતિ માટે અનિવાર્ય છે. 'બાપા વિશે' ચરિત્ર જાગૃત રહ્યા છે. જો તેઓ સજાગ ન રહ્યા હોય તો બાપાની કથા આટલી રસપ્રદ ન બની શકી હોત લેખકે કથાને રસપ્રદ બનાવવા પ્રસંગો અને ઘટનાઓનો ઉપયોગ કર્યો છે. તેઓ 'બાપા વિશે' લખતી વેળા માત્ર બાપાની વાત કરતા નથી. બાપાની સાથે સંબંધ ધરાવતા વિવિધ માણસોની વાત પણ અહીં આવે છે. લેખક અહીં પોતાને વિશે પણ વાત કરે છે. તેમણે કથાને નાના-મોટા પ્રકરણમાં વહેંચી હોવાથી વાંચકને પણ હળવાશ રહે છે. અહીં દરેક પ્રકરણમાં લા.ઠા. જુદી જુદી રીતે અને જુદી જુદી શૈલીથી વ્યક્ત થયા છે. સર્જકની કલ્પનાનો પણ યોગ્ય અને ઉચિત વિનિયોગ કર્યો છે. કયાંક કયાંક વાત ને પણ નિરુપ્યા છે. લેખકને જાણ છે કે અઘરી અને ક્લિષ્ટ ભાષાનો પ્રયોગ ટાળ્યો છે. ઊંડા પાણીમાં ઉતરવાનું પણ ટાળ્યું છે. રોચકતાનું એક દ્દષ્ટાંત જોઇએ. એંશીની વય વટાવી ચૂકેલા બાપાને મોતિયો ઉતરાવ્યો છે. મોતિયો ઉતરાવ્યા પછી એ પુત્ર જગદીશને ત્યાં રહે છે. બાપાની દાઢી વધી ગઇ છે.

'બાપા, દાઢી વધી ગઇ છે.

ભલે વધી. અહીં સોસાયટીમાં કોણ દાઢી કરવા આવે ?

હું છું ને બાપા'

'તમે ભાઇ -

બાપા હું તમારો નાઇ ફાઇન કરી આપીશ. જરાય વગાડીશ નહીં.'

જગદીશભાઇ ગરમ પાણીથી બાપાના ચહેરા પર હાથ ફેરવે છે. પછી સાબુના ફીણવાળી પીંછીથી બાપાને બરાબર સાબુ લગાવે છે. પછી ધીમે ધીમે કાળજીથી બાપાની દાઢી કરે છે

'બાપા, ફુવારો હોય તો મજા આવી જાય, મોઢા પર આમ છાંટી દઉં.'[૨૮] આમ રોચકતાની દૃષ્ટિએ પણ પુસ્તકમાં નોંધપાત્ર કામ થયું છે.

## પ્રવાહિતા

લાભશંકર ઠાકર 'બાપા વિશે'માં ગદ્યની અવનવી તરાહો પ્રયોજે છે. તેના વિશે આપણે ભાષાશૈલીમાં વિગતે જોયું. જો કે તેમનું ગદ્ય વૈવિધ્યપૂર્ણ અમૂક અંશે પ્રયોગશીલ અને ઉતારચઢાવવાળું હોવા છતાં તેમાં પ્રવાહિતાનું તત્ત્વ પણ છે. તેઓ સાદા સરળ ગદ્યને ઝરણાની જેમ વહેતું રાખવામાં સફળ થાય છે. એક પણ વાક્ય વધારાનું કે ક્લિષ્ટ ન થઇ જાય તેની કાળજી અહીં દેખાય છે. કદાચ તેથી જ બાપાનું લાબું ચરિત્ર મુદ્દલ કંટાળાજનક બનતું નથી. ગદ્યનો ધારાપ્રવાહ આપણને સતત વાંચવા માટે પ્રેરતો રહે છે. સર્જકની વિશેષતા આપણે એક બે ઉદાહરણ દ્વારા જોઈશું. "શાસ્ત્રીજીની પાસે જ ખાસ ગાદી તકિયા પર સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય વાસુદેવપ્રસાદજી બેઠા છે. કુમારવયના આચાર્ય સહુની સાથે સંસ્કૃત ભણવા બેઠા છે. જાદવજીનું ગંભીર પઠન ચાલે છે. એક બાજુ ગરદન ઝુકાવી આંગિત અભિનય કરી અધહોષ્ઠ ફફડાવી અવાજ કાઢે છે. વિદ્યાર્થીઓ હસી પડે જાદવજીનો પાઠ અટકી જાય. અચાનક શાસ્ત્રીજીની આંખો ખૂલે જાદવજીનું પઠન શરૂ થાય."[૨૯] આમ 'બાપા વિશે' નિબંધમાં પ્રવાહિતાનું તત્ત્વ યોગ્ય રીતે સ્થાન પામ્યું છે. પરિણામે સમગ્ર જીવનકથાનું ગદ્ય કલાત્મક છતાં પ્રવાહી અને આસ્વાદ્ય બન્યું છે. જે માટે લેખકની સાહિત્યિક સમજ ખપ લાગે છે.

## ઉપસંહાર

અંદાજે ૧૮૦ પૃષ્ઠોમાં વિસ્તરેલા ચરિત્રનિબંધ 'બાપા વિશે'માંથી પસાર થતાં એક રસપ્રદ, તથ્યસભર અને સત્ત્વસભર નિબંધ (ચરિત્ર) વાંચવાની તૃપ્તિનો અનુભવ થાય છે. આ પુસ્તક વિશે જાણીતા વિવેચક ડૉ.મહેન્દ્રસિંહ પરમાર લખે છે તેમાં સમ્મત થવાય છે : 'દાયકામાં પ્રગટ થયેલાં બે ઉત્તમ જીવનચરિત્રો', 'અગ્નિકુંડ...' અને 'બાપા વિશે' આમ જુઓ તો બંને 'બાપા વિશે' ! પણ બંનેનો સૂર જુદો. બંનેના કર્તાની ચરિત્રકૃતિમાં ઉપસ્થિતિ પણ નોખી. નારાયણ દેસાઇ 'બાબલા રૂપે' કયાંક પ્રત્યક્ષ થાય બાકી, પોતે તો છેક નેપથ્યે જ ! ત્યારે લાભશંકર ?

બાપાની સમાંતરને ક્યારેક તો બાપાની ઉપરવટ ! એમનો અવાજ દોઢાતો Overlap રહે. બંને વિભિન્ન સ્થિતિઓ રસપ્રદ છે. ચરિત્રકૃતિમાં ચરિત્ર લેખકની મોજૂદગીનું રૂપ કયું ? કેવું ? એ પ્રશ્નના બે જવાબ અહીં મળે : ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ અને ‘બાપા વિશે’ માં છે તેવું. ‘લાગે છે કે ડૉ. પરમારના અભિપ્રાયમાં કશું ઉમેરવા કે બાદ કરવાનું રહેતું નથી…’

## પાદટીપ

| | | | |
|---|---|---|---|
| ૧. | લાભશંકર ઠાકર | મારી બા | પૃ.૧૩ |
| ૨. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૭ |
| ૩. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૩૩ |
| ૪. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૩૮ |
| ૫. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૫૯ |
| ૬. | આરતી સોની | ચરિત્રકાર લાભશંકર ઠાકર | પૃ.૫૮ |
| ૭. | આરતી સોની | એજન | પૃ.૫૮ |
| ૮. | લાભશંકર ઠાકર | મારી બા | પૃ.૧૬ |
| ૯. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૭ |
| ૧૦. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૯ |
| ૧૧. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૫૫ |
| ૧૨. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૫૧ |
| ૧૩. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૨ |
| ૧૪. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૩૦/૩૧ |
| ૧૫. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૩૧ |
| ૧૬. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૨૮/૨૯ |
| ૧૭. | આરતી સોની | ચરિત્રકાર લાભશંકર ઠાકર | પૃ.૬૨ |
| ૧૮. | આરતી સોની | એજન | પૃ.૬૩ |
| ૧૯. | લાભશંકર ઠાકર | બાપા વિશે | પૃ.૪૮ |
| ૨૦. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૮ |
| ૨૧. | .લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૨ |
| ૨૨. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૪૨ |
| ૨૩. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૩૪ |
| ૨૪. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૯૩ |
| ૨૫. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૮૫ |
| ૨૬. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૧૫ |
| ૨૭. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૭૬ |
| ૨૮. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૨૩ |
| ૨૯. | લાભશંકર ઠાકર | એજન | પૃ.૨૮ |